ISSN : 2321 : 2160
International Peer-Reviewed Refereed Journal

# Ayudh

Impact Factor : 5.5
Vol-2
March - 2026
130th Issue

Editor
Mr. Rohit Parmar

# શ્રી છગનલાલ જોષીનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન

ડૉ. કિરણકુમાર એમ. દવે
ઈતિહાસ વિભાગ,
ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર

ભારતની આઝાદી માટેની લડતમાં સૌરાષ્ટ્રના અનેક સપૂતોએ મહત્વનો ભાગ ભજવ્યો છે.છગનલાલ જોષીએ પણ સૌરાષ્ટ્ર અને સૌરાષ્ટ્ર બહાર લડાયેલી સ્વાતંત્ર્ય સંગ્રામ અંગેની લડતના વિવિધ તબક્કાઓમાં ભાગ લીધો હતો.

છગનલાલ જોષીનો જન્મ તા.૧૮-૬-૧૮૯૫ના રોજ પોરબંદરના નથ્થુરામ જોષીને ત્યાં થયો હતો.પિતા નથ્થુરામે પોરબંદરમાં કામદાર તરીકે,બેટ દ્વારકામાં રાધિકા મંદિર તથા ચક્રનારાયણ મંદિરના વ્યવસ્થાપક તરીકે પોતાની સેવાઓ આપી હતી.છગનલાલની માતા દિવાળીબા પણ પરમ વૈષ્ણવધર્મી હતાં.પરિણામે છગનલાલ જોષીને ગળથૂથીમાંથીજ વૈષ્ણવધર્મી સંસ્કારો પ્રાપ્ત થયા હતાં.તેમના મોટાભાઈ કલ્યાણરાયે બી.એ સુધીનું શિક્ષણ મેળવીને દ્વારકાની માધ્યમિક શાળામાં શિક્ષણકાર્ય સ્વીકાર્યું હતું.છગનલાલે પ્રાથમિક શિક્ષણ બેટ દ્વારકાની શાળામાં મેળવીને સંતોષ માનવો પડ્યો હતો.તે પછી બેટ શંખોદ્ધારના વૈષ્ણવ મંદિરમાં તેમને બ્રહ્મચારીની ગાદી પર બેસાડવાનો વિચાર ચાલતો હતો.પરંતુ છગનલાલના મોટાભાઈ માધ્યમિક શિક્ષક હોવાથી તેઓ છગનલાલને પોતાની પાસે લઇ ગયા અને તેમને અંગ્રેજી શિક્ષણ આપવાનું શરૂ કર્યું.તેમને માધ્યમિક શિક્ષણ તેમના ભાઈ કલ્યાણજીની નિશ્રામાં દ્વારકા,અમરેલી અને વડોદરાની હાઈસ્કુલોમાં મેળવ્યું.તે પછી ૧૯૧૪માં મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં દાખલ થઈને ઈ.સ.૧૯૧૮માં ૨૪ વર્ષની ઉંમરે બી.એ થયા અને મુંબઈ યુનિવર્સિટીની ફેલોશીપ મેળવીને સમાજશાસ્ત્રના અનુસ્નાતક અભ્યાસક્રમમાં જોડાયા.

છગનલાલ જોષી તેમના ઘરની પરંપરા મુજબ રોજ ચાર સાધુઓને શોધીને તેમને જમાડવાનું કાર્ય કરતા હતા તેથી ભારતના વિવિધ ભાગોમાંથી આવતા સાધુઓના પરિચયમાં તેઓ આવ્યા.તેમની પાસેથી તેમને ભારતની વિવિધતા અને વિભીન્નતાની વાતો સાંભળીને ભારતદર્શન કરવાની ઈચ્છા થઇ.૧. તેમના મનમાં દ્વારકા,અમરેલી અને વડોદરાની સ્કુલોમાં અભ્યાસ કરતાં કરતાં દેશસેવા કરવાના બીજ રોપાયાં હતાં.તેને અંકુરિત કરવાનું કાર્ય કોલેજ શિક્ષણ દરમ્યાન મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજના પ્રોફેસરોએ કર્યું.ઈ.સ.૧૯૧૬-૧૭માં ઊનાળાની રજાઓમાં સૌરાષ્ટ્રમાં દુષ્કાળ પડ્યો હતો ત્યારે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં અનાજ અને કપડાં વહેચવાનું કાર્ય તેમણે કર્યું હતું.બોમ્બે સ્ટુડન્ટસ્ બ્રધરહુડના આશ્રયે ચાલતા વર્ગોમાં જસ્ટીસ સર ચંદાવરકરના વર્ગોમાં તેમણે હાજરી આપી હતી.લોકમાન્ય ટિળક અને એનીબેસન્ટના પ્રવચનો સાંભળ્યા હતાં.તથા ગુજરાત અને મુંબઈ મુકામે એ સમયે ભરાયેલાં પ્રાંતિક કોંગ્રેસ સંમેલનોમાં હાજરી આપી હતી.પરિણામે તેમનામાં દેશભક્તિની તમન્ના જાગી.બી.એ થયા પછી સર્વન્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટીના મજુર નેતા શ્રી એન.એમ.જોષી સાથે રહીને તેમણે દેશસેવાનું કાર્ય શરૂ કર્યું હતું.એ સમય દરમ્યાન ગાંધીજીએ અસહકારની લડત શરૂ કરી હતી.છગનલાલ જોષી મુંબઈ યુનિવર્સિટીની ફેલોશીપ અને અનુસ્નાતકનો અભ્યાસ છોડીને તેમના સહાધ્યાયી જયકૃષ્ણ ભણસાલી સાથે દેશસેવાના કાર્યમાં સામેલ થવાનો નિર્ધાર કરીને ૧૯૨૦માં મુંબઈના મણીભવનમાં ગાંધીજીને મળ્યા.અને ૧૯૨૦માંજ સાબરમતી આશ્રમમાં જોડાયા.૨. તે વખતે કાકા સાહેબ કાલેલકર,નરહરિભાઈ પરીખ,કિશોરલાલ મશરૂવાલા વગેરે અધ્યાપકો આશ્રમની રાષ્ટ્રીયશાળામાં અને વિદ્યાપીઠમાં અધ્યાપન કાર્ય કરતા હતા.છગનલાલે પણ આશ્રમશાળામાં અધ્યાપન કાર્ય શરૂ કર્યુ.એ ઉપરાંત તેમણે આશ્રમ પાસે આવેલા વાડજ અને નારાયણપરા ગામોની પ્રાથમિક શાળાઓમાં તથા નારાયણપરાનાં ખેતરોમાં બેસીને છારા કોમનાં બાળકોને શિક્ષણ આપ્યું હતું.

**રાષ્ટ્રીય શિક્ષણ ક્ષેત્રે પ્રદાન:**

એ વખતે ગુજરાત વિદ્યાપીઠે ઠેર ઠેર રાષ્ટ્રીય શાળાઓ શરૂ કરી હતી.છગનલાલે ૧૯૨૧-૨૨ દરમ્યાન એ શાળાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવેલી.પરિણામે ગુજરાતના બધા જ જિલ્લાઓના કાર્યકરો સાથે તેમને પરિચય થયો હતો.તેમના શિક્ષણકાર્ય દરમ્યાન તેઓ સ્વરાજ્ય પ્રાપ્તિની ઝુંબેશ માટેનું શિક્ષણ આપતા હતા.શિક્ષણક્ષેત્રના તેમના બહોળા અનુભવને લક્ષમાં લઈને ઈ.સ.૧૯૨૫-૨૬માં તેમને આશ્રમની રાષ્ટ્રીયશાળાના આચાર્ય બનાવવામાં આવ્યા હતા.તે પછી ૧૯૨૮-૨૯માં ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે પણ તેમણે કામગીરી બજાવી હતી.આમ, છગનલાલ જોષીએ ૧૯૨૦ થી ૧૯૨૯ દરમ્યાન શિક્ષણકાર્ય કરતાં કરતાં સ્વરાજ્યની લડત માટેનાં સૈનિકો તૈયાર કરવાનું મહત્વનું કાર્ય કર્યું હતું.

**આશ્રમ સંચાલન:**

૧૯૨૮માં સાબરમતી આશ્રમના સંચાલન માટે વ્યવસ્થાપક મંડળની રચના કરવામાં આવી.તે વખતે ગાંધીજીએ તેમને વ્યવસ્થાપક મંડળના પ્રથમ મંત્રી બનાવ્યા હતા.૩. તેમણે આશ્રમીજીવન દરમ્યાન કઠિયારાથી માંડીને ભઠીયારા સુધીની તાલીમ મેળવી હતી.તેઓ દરરોજ આઠ કલાક કામ કરીને માસિક રૂ.૧૨ નિર્વાહ ભથ્થું મેળવતા હતા.

**દાંડી કૂચ:**

ઈ.સ.૧૯૩૦ની ૧૨મી માર્ચે ગાંધીજીએ ૭૯ સાથીઓ સાથે સાબરમતી આશ્રમથી મીઠાના સત્યાગ્રહ માટે દાંડીકૂચનો આરંભ કર્યો.ગાંધીજીએ કૂચ કરતી એ ટુકડીના વ્યવસ્થાપક તરીકે છગનલાલને પસંદ કર્યા હતા.છગનલાલ દાંડીકૂચને માર્ગે આવતાં ગામોમાં ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને અગાઉથી મોકલીને સત્યાગ્રહીઓ માટે ઉતારાની વ્યવસ્થા કરતા હતા.તેઓ ગાંધીજી સાથે પાંચમી એપ્રિલે દાંડી પહોંચ્યા હતા.

દાંડીકૂચ પછી ૧૯૩૦થી ૧૯૩૨ દરમ્યાન મીઠા સત્યાગ્રહ અને નાકરની લડતમાં અમદાવાદ તથા ખેડા જીલ્લાના સરમુખત્યાર તરીકે છગનલાલે આગેવાની લીધી હતી.અમદાવાદ જીલ્લાના સરમુખત્યાર તરીકે તેમની ધરપકડ થઇ હતી.તે વખતે તેમણે ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે પાંચ માસ યરવડા જેલમાં સજા ભોગવી હતી.૪.

ઈ.સ.૧૯૩૦માં ગાંધીજીની આજ્ઞા અનુસાર તેમણે સૌરાષ્ટ્ર હરિજન સેવક સંઘનું કાર્ય સંભાળ્યું હતું અને ૧૯૩૩-૩૪માં ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રી બન્યા હતા.તે વખતે તેમણે અસ્પૃશ્યોને પીવાના પાણીની અને શિક્ષણની સગવડ મળે તે માટે ખાસ પ્રયત્નો કર્યા હતા.

**રાજકોટ સત્યાગ્રહ:**

ઈ.સ.૧૯૩૮-૩૯માં રાજકોટની પ્રજાએ ધર્મેન્દ્રસિંહજીના અનીચ્છનીય કાર્યો સામે લડત ઉપાડી હતી.છગનલાલે તેમાં સક્રિય ભાગ લીધો હતો.તેથી તેમની ધરપકડ થઇ હતી.તેમને ૬ માસની જેલની સજા થઇ હતી.તેમને સરધારની જેલમાં રાખવામાં આવ્યા હતા.એ જેલવાસ દરમ્યાન તેમને અનેક પ્રકારનાં કષ્ટો આપવામાં આવ્યાં હતા.એ સત્યાગ્રહમાં કસ્તુરબા સાથે છગનલાલનાં ધર્મપત્ની રમાબહેન પણ જોડાયાં હતાં.તેથી તેમને પણ કસ્તુરબા સાથે સરધારની જેલમાં રાખવામાં આવ્યાં હતાં.

**“હિંદ છોડો“ ચળવળ:**

ઈ.સ.૧૯૪૨માં હિંદ છોડો ચળવળ વખતે પણ છગનલાલ સક્રિય લડત ચલાવતા હતા.તેથી તેમની પણ ધરપકડ થઇ અને બે વર્ષ સજા થઇ હતી.આમ છગનલાલે આઝાદિની લડતના વિવિધ તબક્કાઓમાં સક્રિય ભાગ લઈને જેલવાસ પણ ભોગવ્યો હતો.૧૯૪૨ પછીથી આઝાદી પ્રાપ્તિ સુધીનો સમય તેમણે રચનાત્મક કાર્યોમાં પસાર કર્યો હતો.

**આઝાદિ પછી:**

આઝાદિ પ્રાપ્તિ પછી ૧૯૪૮માં સૌરાષ્ટ્રનું રાજ્ય અલગ થતાં છગનલાલે “સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ”નાં પ્રમુખ તરીકે તથા “ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ “ના મંત્રી તરીકે ફરજો બજાવી હતી.ત્યારબાદ સૌરાષ્ટ્રમાં દુષ્કાળ સમયે સૌરાષ્ટ્ર સેવા સમિતિના મંત્રી તરીકે સેવાઓ આપી હતી.૧૯૫૪માં તેઓ અખિલ ભારત કોંગ્રેસ રચનાત્મક સમિતિના મંત્રી તથા અખિલ ભારત ખાદિ ગ્રામોદ્યોગ બોર્ડના સભ્ય બન્યા હતા.૫. ૧૯૬૨માં સર્વ સેવા સંઘની કૃષીગો સેવા સમિતિના મંત્રી તરીકે અને ગુજરાત હરિજન

સેવક સંઘના પ્રમુખ તરીકે ૬ વર્ષ સુધી સેવા બજાવી હતી.એ ઉપરાંત ગુજરાત સરકારે નીમેલા નશાબંધી મંડળના મંત્રી તરીકે અને ગાંધી કીર્તિ મંદિરના કમિટીના સભ્ય તરીકે પણ પોતાની સેવાઓ આપી હતી.આમ આઝાદિ પ્રાપ્તિ પછી પણ ગુજરાતમાં,સૌરાષ્ટ્રમાં અને રાષ્ટ્રીય કક્ષાએ તેમણે સેવાઓ આપી હતી.

૧૯૨૦માં ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી સાબરમતી આશ્રમ અને ગુજરાત વિદ્યાપીઠ વગેરે સંસ્થાઓમાં રાષ્ટ્રીય શિક્ષણ તેમણે આપ્યું હતું અને તે દ્વારા આઝાદિના લડવૈયાઓ તૈયાર કર્યા હતા.૧૯૩૦ની સવિનય કાનુનભંગની લડતમાં દાંડીકૂચના કાર્યક્રમમાં જોડાઈને તેઓ સક્રિય રહ્યા હતા.મીઠાના સત્યાગ્રહો અને નાકરની લડતમાં સરમુખત્યાર તરીકે ફરજો બજાવી હતી.૧૯૩૮માં રાજકોટ સત્યાગ્રહમાં પણ તેઓ જોડાયા હતા અને આઝાદિ પ્રાપ્તિની છેલ્લી લડત ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં સક્રિય રહીને ધરપકડ વહોરી હતી.તથા બે વર્ષની જેલની સજા પણ ભોગવી હતી.આમ,છગનલાલ જોષીએ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ચાલેલી આઝાદિની લડતમાં વિવિધ તબક્કે નોધપાત્ર કામગિરિ બજાવી હતી.

**પાદનોંધ:**

૧. બાપુના પત્રો - ૭,શ્રી છગનલાલ જોષીને - પ્રસ્તાવના પૃ - 3 .

૨. મહાદેવભાઈ દેસાઈની ડાયરી.પુસ્તક - 3,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ,૧૯૪૮-૪૯. પૃ - ૨૫૫.

3. છગનલાલ જોષી,ગાંધીજીના આશ્રમ સાથીઓ,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ - ૧૯૭૩ તથા બાપુના પત્રો - ૭, શ્રી છગનલાલ જોષીને,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ,૧૯૬૨,પૃ - ૮.

૪. રાષ્ટ્રીયશાળા હીરક જયંતી,૧૯૨૧-૬૧,સ્મરણીકા,રાજકોટ,૧૯૮૨.

૫. છગનલાલ જોષી,સ્વરાજ યાત્રાના મારા સાથી ઢેબરભાઈ, નવજીવન પ્રકાશન,અમદાવાદ,૧૯૮૦.